# ‘પંચામૃત ભવનના નિર્માણમાં બમણો વધારો, હવે ૧૦૩ કરોડ રૂપિયા ખર્ચાશે

## પ્રધાનોના ખર્ચની સામે રાજભવનનો નિભાવ ખર્ચ એક કરોડ વધારે

ગાંધીનગરમાં પંચશક્તિ- જન, જળ, ઉર્જા, રક્ષા અને જ્ઞાન ની થીમ આધારિત પંચામૃત ભવન બાંધવાના કાર્યનો ટૂંક સમયમાં પ્રારંભ થઈ રહ્યો છે. વિધાનસભાની પાછળના ભાગે સાબરમતી નદીના કિનારે આ ભવન બાંધવામાં આવનાર છે. શરૂઆતમાં તેનો ખર્ચ ૫૫ કરોડ અંદાજવામાં આવ્યો હતો પરંતુ હવે તે ૧૦૩ કરોડ ઉપર પહોંચ્યો છે. ગાંધી મંદિર પછી પીએમ નરેન્દ્ર મોદીનું આ ડ્રીમ છે. આ ભવન માટે સાબરમતીના કિનારે ૧૦૪ એકર જમીન સંપાદન કરવામાં આવી છે. પર્યાવરણવાદી સંસ્થાઓનું કહેવું છે કે આ જગ્યાએ અસંખ્ય વૃક્ષો આવેલા હોવાથી મોટા પાયે વૃક્ષ છેદન થશે એટલે સરકારે આ ભવન બનાવવું ન જોઈએ, છતાં સરકાર આ ભવન માટે મક્કમ બની છે. મહાત્મા મંદિર એ પ્રેરણા છે. સચિવાલય એ પુરૂષાર્થ છે અને પંચામૃત ભવન એ પરિણામ છે, એવું મોદી માને છે. આ ત્રણેય બાબતોને એકલાઈનમાં સાંકળી લેવામાં આવી છે તેથી મહાત્મા મંદિરથી સીધું પંચામૃત ભવન



પર્યટકોને દેખાશે. આ ભવનમાં લાઈટ એન્ડ સાઉન્ડ શો, -દર્શન ખંડ, સંગ્રહાલય, પુસ્તકાલય જેવી સુવિધાઓ પ્રાપ્ય બનાવવામાં આવી છે..

**૨૪ લાખ આવાસોમાં વસવાટ નથી ...**

ગુજરાતના રિયલ એસ્ટેટમાં મંદી છે. નવા નવા આવાસોની સ્કીમો મૂકાતી જાય છે પરંતુ એક એવી હકીકત પ્રાપ્તજ્ઞથઈ છે કે રાજયના કુલ ૨૪ લાખ આવાસોમાં માનવ વસવાટ જ નથી. આ આવાસો ખાલી પડ્યા રહ્યા છે. શહેરોમાં ખાલી આવાસોની સંખ્યા ૧૨.૨૮ લાખ છે જયારે ગ્રામ્ય વિસ્તારમાં ૧૧.૭૪ લાખ આવાસો ખાલી પડ્યા છે. ગુજરાતમાં કુલ ૧.૭૫ કરોડ આવાસો છે જે પૈકી ૧.૫૧ આવાસોમાં વસવાટ છે. કુલ આવાસોમાં વસવાટમાં કામે લેવાતા આવાસોની સંખ્યા ૧.૧૭ કરોડ છે. ૪.૧૬ લાખ આવાસો એવાં છે કે જયાં વસવાટ સાથે અન્ય ઉપયોગ પણ થાય છે. ગુજરાતમાં ૧.૮૧ લાખ તો પાકા ધાર્મિક સ્થાનો આવેલા છે જે પૈકી ૧.૩૭ લાખ ગ્રામ્ય વિસ્તારમાં અને ૪૪ હજાર શહેરી વિસ્તારમાં છે. આવી છે ગુજરાતની સમૃદ્ધિ...

**ગુજરાતના શહેરોમાં રેડિયોનું ચલણ ...**

પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી નરેન્દ્ર મોદીએ રેડિયોની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવીને મન કી બાત નામનો કાર્યક્રમ શરૂ કર્યો છે. કોઈ એક વિષય ઉપર તેઓ જનતા સાથે ઈન્ટર એક્શન કરે છે. મોદીને ખબર છે કે ભારતમાં રેડિયોનું ચલણ પાછું આવ્યું છે. નવી એફએમ ચેનલો પણ મનોરંજક કાર્યક્રમોમું પ્રસારણ કરી રહી છે. ગુજરાતમાં હાલની સ્થિતિએ ૨૩.૬૦ લાખ પરિવારોમાં રેડિયો સંભળાય છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં આઠ લાખ રેડિયો શ્રોતાઓ છે જયારે શહેરમાં ૧૫.૫૩ લાખ પરિવારો નિયમિત રેડિયો સાંભળે છે. પહેલાના સમયમાં રેડિયોનું લાયસન્સ હતું અને તેને રિન્યુ પણ કરવું પડતું હતું

● અનુસંધાન પાન-૭ પર

**બજેટ સત્રની સમાપ્તિ પછી આઈએએસ ઓફીસરોની સામુહિક બદલી**

**મોદીની મનકી બાત - ભાઈ કૌન સુનતા હૈ, જરા દેખિયે ગુજરાત મેં**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત



વૃક્ષ રક્ષા - ગાંધીનગરમાં પંચામૃત ભવનના સંભવિત નિર્માણના પગલે થનાર વૃક્ષોના નિકંદન સામે આંદોલન છેડાયું છે... નગરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો વેગ પકડી રહ્યા છે... સચિવાલય પાછળના સુંદર વન હટાવવાના સુચિત અભિગમ સામે વૃક્ષોને રક્ષા પોટલી બાંધી વૃક્ષોની રક્ષાના શપથ લેવાયા હતા. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

# પાટનગરમાં પર્યાવરણ બચાવ અભિયાનને સબળ લોકપ્રતિસાદ

## કેન્ડલ માર્ચ અને વૃક્ષ રક્ષાબંધનમાં સેંકડોની સંખ્યામાં જોડાઈને નગરજનોએ પર્યાવરણ સુરક્ષાના શપથ લીધા : બાળકોએ તમામ વૃક્ષોને નાળાછડી બાંધી લાબા આયુષ્યની પાર્થના કરી

ગાંધીનગર, તા. ૨૨

રાજય સરકાર દ્વારા ગાંધીનગરમાં સચિવાલય-વિધાનસભાની પાછળ નિર્માણ પામનાર પંચામૃત ભવનને કારણે મોટી સંખ્યામાં વૃક્ષોનું નિકંદન કરીને પર્યાવરણને પહોંચનાર ગંભીર હાનિ સામે પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નગરજનોએ ઉગ્ર રોષ સાથે પર્યાવરણ બચાવ અભિયાન શરૂ કર્યું છે. પ્રારંભિક તબક્કામાં સ્થાનિકથી લઈને ઉચ્ચ કક્ષાએ આવેદનપત્રો સુપ્રત કર્યા બાદ વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં જબરદસ્ત લોકપ્રતિસાદ સાંપડતા આંદોલનને ભારે વેગ મળ્યો છે.

ગાંધીનગરને મોડેલ સીટી બનાવવા માટે સરકાર દ્વારા પંચશક્તિ થીમ આધારિત આયોજનોના ભાગરૂપે મહાત્મા મંદિર, સેન્ટ્રલ વિસ્ટા, કાયમી પ્રદર્શન બાદ હવે વિધાનસભાની પાછળ આવેલા વિશાળ વન વિસ્તારના સ્થળે પંચામૃત ભવનના નિર્માણની કામગીરી હાથ ધરાનાર છે. આ પ્રોજેક્ટને કારણે હજારો વૃક્ષોનું નિકંદન થતાં નીલગાય, મોર, કાબર, કાગડા, જમીની કાચબા, સસલાં અને સરિસૃપો સહિત અસંખ્ય નિર્દોષ પશુપક્ષીઓનું સલામત આશ્રયસ્થાન ઝુંટવાઈ જશે. વિકાસના નામે અત્યાર સુધીમાં હજારો વૃક્ષોનો ભોગ લેવાઈ જતાં ગાંધીનગર વિશ્વના સૌથી હરિયાળા શહેર તરીકેનું બિરૂદ ગુમાવી ચુક્યું છે. એટલું જ નહિ, વૃક્ષોની સંખ્યા ઘટતાં પર્યાવરણ પણ અસમતોલ બન્યું છે. આ બાબતને ગંભીરતાથી લઈને પર્યાવરણપ્રેમીઓ અને જાગૃત નાગરિકોએ સ્વયંભૂ લોક આંદોલન કરીને પ્રકૃતિ તથા નિર્દોષ જીવસૃષ્ટિને ન્યાય અપાવવા સરકાર સામે રણશિંગુ ફૂંક્યું છે. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

# ચોમાસામાં નવા સેક્ટરોના આંતરિક માર્ગો જળબંબાકાર રહેશે !!

## સેક્ટરોમાં પેવર બ્લોક નાંખવાની આડેધડ કામગીરીથી માર્ગોના અસ્તિત્વ સામે ખતરો

ગાંધીનગર, તા. ૨૧

શહેરના નવવિકસિત વિસ્તારમાં આગામી ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાની સમસ્યા વિકરાળ બને તેવી દહેશત પ્રબળ બની છે. કોર્પોરેશનની યોજના અન્વયે ખાનગી રહેણાંક વિસ્તારમાં પેવર બ્લોક નાંખવાની આડેધડ કામગીરીના લીધે સેક્ટરોના આંતરિક માર્ગો જળબંબાકાર બને તેવી સ્થિતિ છે. સેક્ટરોના રીંગરોડ આસપાસ સ્થિત મકાનો પાસે પણ આ પ્રકારનું કામ હાથ ધરાતા સ્ટોર્મ વોટરલાઈનના અભાવ વચ્ચે આ સમસ્યા પેચીદી બને તેવી શક્યતા છે.

શહેરના ખાનગી રહેણાંક વિસ્તારમાં ડસ્ટ ફ્રી ઝોન બનાવવાના અભિગમ સાથે કોર્પોરેશનના સહયોગથી પેવર બ્લોક લગાવવાની કામગીરી ઠેર ઠેર ચાલી રહી છે. ત્યારે આ કામગીરી દરમિયાન યોગ્ય લેવલીંગ ન જળવાતા ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાની સમસ્યા વધુ વિકરાળ બને તેવા એંધાણ છે. સેક્ટરોમાં રીંગરોડ આસપાસના મકાનો પાસે પણ આ યોજના અન્વયે પેવર-બ્લોક લગાવાતા આગામી ચોમાસા દરમિયાન વરસાદી પાણીના ભરાવાની સમસ્યા જટીલ બને તેવી સ્થિતિ છે. સે. ૩-સીમાં પણ હાલ આવી જ સ્થિતિ છે. શહેરના સે. ૧ થી ૮માં

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નિકાલ હેઠળના ૩૭૨ મકાનો તોડાશે

## ‘જ’ અને ચ-૧ કેટેગરીના ૬૨ બ્લોક જમીનદોસ્ત કરી જગ્યા ખુલ્લી કરાશે

ગાંધીનગર, તા.૨૧

સે-૭ અને સે-૧૩માં નિકાલ હેઠળના ૬૨ બ્લોક તોડી પાડવામાં આવશે. વિભાગ દ્વારા નિકાલ હેઠળના આ જોખમી આવાસો તોડી નાંખવા મંજુરી આપી દેવાઈ છે. ટૂંકમાં કામ પણ શરુ કરી દેવાશે. ૩૭૩ જેટલા જોખમી મકાનો તોડવાનું કામ શરૂ થશે.

શહેરમાં સે-૭, સે-૧૩, સે-૧૬ અને સે-૩૦માં નિકાલ હેઠળના મકાનોની સંખ્યા વિશેષ છે શહેરના સેકટરોમાં સ્થિત ૧૬ હજાર જેટલા સરકારી આવાસોમાંથી સરકાર દ્વારા વર્ષ ૨૦૦૫માં ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરાયા હતા. પરંતુ નિકાલ હેઠળના આ મકાનોનો નિકાલ કરવા સંદર્ભે નીતિ નક્કી ન થતા લાંબા સમય સુધી આ મકાનો જોખમી હાલતમાં યથાવત રહ્યા છે.જેના પરિણામે હાલની સ્થિતિએ પણ મોટાભાગના જોખમી આવાસોનું અસ્તિત્વ છે.જો કે ગત વર્ષ દરમિયાન ઉચ્ચ કક્ષાએ મળેલી બેઠકના અંતે નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડી નાંખવાનો નિર્ણયલેવાતા પાટનગર યોજના વિભાગ કક્ષાએથી રજૂ થયેલી દરખાસ્ત અન્વયે વિભાગ દ્વારા તબક્કાવાર આ જોખમી મકાનો તોડવા માટે મંજુરી આપવામાં આવી રહી છે. સે-૧૬ અને ૩૦માં નિકાલના મકાનો તોડવામાં આવી રહ્યા છે.જયારે સે-૭ અને સે-૧૩માં પણ ‘જ’ અને ચ-૧ કક્ષાના દાયકાઓ જૂના કંગાળ આવાસ તોડી નાંખવા વિભાગ કક્ષાએ મંજુરી આપી દીધી છે. આ બંને સેકટરોમાં ૬૨ જેટલા બ્લોક તોડી નંખાશે. સરકારી આવાસના ૩૭૨ યુનિટ તોડવામાં આવતા આ સ્થળે ઘણી જગ્યા પણ ખુલ્લી થશે.

# બોર્ડના પેપર લીક થવાના મામલે પોલીસ ફરિયાદ નોંધાશે

## પરીક્ષા સમિતિની બેઠકમાં પણ ચર્ચા વિચારણા : પેપર લીકનો લાભ કેટલો થયો તેના પરથી કાર્યવાહી થશે : બોર્ડ સેક્રેટરી

ગાંધીનગર, તા.૨૧

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં અંગ્રેજી અને જીવવિજ્ઞાનનું પેપર લીક થયું હોવાની બાબતે બોર્ડ દ્વારા પોલિસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. જયારે પરીક્ષા સમિતિની બેઠકમાં પણ આ મામલે ચર્ચા વિચારણા હાથ ધરાશે જેમો પેપર લીક થયું હોવાનો લાભ કેટલા વિદ્યાર્થીઓને થયો છે તેના પરથી આગળની કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ શિક્ષણ બોર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું.

ધો-૧૦ અને ૧૨ની હાલ બોર્ડ પરીક્ષાઓ ચાલી રહી છે ત્યારે પ્રત્યેક વિષયની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે મહત્વની છે. આવા સંજોગોમાં શુક્રવારે ધો-૧૦માં અંગ્રેજી અને ધો-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજીનું પેપર ફૂટી ગયું હોવાનું પ્રકાશમાં આવતા શિક્ષણ આલમમાં હાહાકાર મચી ગયો છે. વિદ્યાર્થીઓ તેમજ વાલીઓના જીવ પણ અધ્ધર થઈ ગયા છે. ધો-૧૦ દ્વીતીય ભાષા અંગ્રેજીનુ પેપર પરીક્ષા પૂર્વે વોટસએપ પર ફરતું થઈ ગયું હતું. જેમાં ૬૨ ગુણના પ્રશ્નો પુછાયા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં જીવ વિજ્ઞાનનું પેપર અમદાવાદમાં રૂ. ૫ થી ૧૦હજારમાં વેચાતું હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામી છે. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના માધ્યમથી પ્રકાશમાં આવેલી ઘટનાના પગલે શિક્ષણ બોર્ડનું તંત્ર આ મામલે સફાળુ જાગ્યુ છે. આ મામલે શિક્ષણ બોર્ડના સેક્રેટરી આર.આઈ. પટેલે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ મામલે પુરાવા એકત્રિત કરી પોલીસ કેસ કરવામાં આવશે. આ ઘટના ખોખરા વિસ્તારની હોવાથી મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાશે. જયારે પરિક્ષા સમિતિની બેઠકમાં પણ ચર્ચા વિચારણા કરાશે. પેપર લીકનો લાભ કેટલો છે તેના પરથી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# બાળપણની ખરી મજા આપતી પરંપરાગત રમતો ભૂલાતી જાય છે

## લંગડી, સાતોલીયુ, આબલી-પીપળી, ઉંચો કુદકો-વેંતકુદકો, ભમરડો, લખોટી જેવી પરંપરાગત રમતોનો ભોગ કોમ્પ્યુટર-મોબાઈલ ગેમ્સે લીધો : બાળપણની ખરી મજા ઝુંટવાઈ

ગાંધીનગર, તા. ૨૨

જેમના ઘરે પ્રાથમિક શાળામાં ભણતા બાળકો છે પેઢીના યુવાનો-વયસ્કો જરા યાદ તો કરો તમે જ્યારે બાળક હતા ત્યારે પોતાના બાળદોસ્તો સાથે સાંજે મેદાનમાં ભેગા થઈ કઈ રમત રમતા... થોડુક યાદ કર્યા પછી તુરંત જ મગજમાં લાઈટ થશે અરે હા આપણી વખતે ક્યાં મોબાઈલ ગેમ કે કોમ્પ્યુટર ગેમ રમી શકાતી. અમે તો અમારા દોસ્તારો સાથે કલાકો સુધી લંગડી, પકડદાવ, ઉભી ખો, બેઠી ખો, સાતોલીયુ, થપ્પો, ગીલ્લી-ડંડો આમલીપીપળી, ઉંચો કુદકો, વેંત કુંદકો જેવી રમતો રમતાં...ભમરડા અને લખોટી જેવી રમતોમાં તો સ્પર્ધા જામતી કેવા મજાના દિવસો હતા એ...



આધુનિકરણ અને શહેરીજનવને એ પરંપરાગત રમતોનો ભોગ લઈ લીધો છે. બાળપણની ખરી મજા અપાવતી અને સાથે જ બાળકોને શારીરિક માનસિક રીતે સ્વસ્થ અને મજબુત બનાવતી એ પરંપરાગત રમતો હવે ભુલાઈ ગઈ છે. આજકાલના બાળકો હવે એ બધી રમતો નથી રમતાં. કદાચ તેમને ખબર જ નથી કે તે કેવી રીતે રમાય...! આજકાલના બાળકો સ્માર્ટ ફોનમાં રમાતી રમતો એન્ગ્રીબર્ડ, ટેમ્પલ રન, ધુમ-૩ જેવી ગેમ્સ રમવામાં વધુ સમય પસાર કરે છે. મોબાઈલના વળગણે બાળકો પાસેથી તેમનું બાળપણ છીનવી લીધુ છે. રમવાની, કુદવાની અને દોડવાની ઉંમરે

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

રાજય સરકાર દ્વારા મહિલાઓ, બાળકો અને કિશોરીઓના આરોગ્યની વિશેષ કાળજી લઈ તેમના સારા સ્વાસ્થ્ય માટે -યત્નો કરવામાં આવે છે. તાજેતરમાં ઉજવાઈ ગયેલા વિશ્વ મહિલા દિન નિમિત્તે મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આપેલ માર્ગદર્શન અને -રણા સંદર્ભે મહિલા અને બાળ આરોગ્ય તપાસણી કાર્યક્રમ આજરોજ સિવિલ હોસ્પિટલ,



ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ -સંગે સમારંભના અધ્યક્ષ તરીકે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, -રક ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબહેન પટેલ, ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષ
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com